आच्छाद्य चार्चयित्वा च श्रुतिशीलवते स्वयम् ।
आहूय दान कन्याना ब्राह्मो धर्मः प्रकीर्तितः ॥

मनुस्मृति २७ (१३)

કન્યાને યોગ્ય સુશીલ, વિદ્વાન પુરુષનો સત્કાર કરીને, કન્યાને વસ્ત્રાદિથી અલંકૃત કરીને (શણગારીને) ઉત્તમ પુરુષને બોલાવીને અર્થાત્ જેને કન્યાએ પસંદ પણ કરેલ હોય તેને કન્યા આપવી = પરણાવવી. આ 'બ્રાહ્મ વિવાહ' કહેવાય છે.

તંત્રી સ્થાનેથી....

## જો શિવરાત્રિ ન હોત તો ભારતનું નવજાગરણ કદાચ ન થાત !

ઈતિહાસના સિક્કાને શુષ્ક અને રોમાંચક એમ બે બાજુઓ હોય છે. માત્ર ઘટના અને તવારિખોનો સંગ્રહમાત્ર શુષ્ક બને પરંતુ તેમાં 'ટર્નિંગ પોઈન્ટ' બનેલી યોગાનુયોગ આકસ્મિક ઘટનાનો અભ્યાસ કરી વર્ષો લાંબા સમયફલકમાં તેમનું ચાવીરૂપ મહત્વ જુઓ તો ઈતિહાસ ખૂબ જ રસપ્રદ અને રોમાંચક બને. વિશ્વમાં બહુ મામૂલી લાગતી 'જો' અને 'તો' ની એવી અનેક ઘટનાઓ થઈ છે કે જેમણે સંસારના ઈતિહાસ અને ભૂગોને બદલી નાખ્યો.

જો મોહનદાસ કરમચંદ ગાંધી નામના સૂટેડ બૂટેડ વાણિયાને દક્ષિણ આફ્રિકામાં ડર્બન અને પ્રિટોરિયા વચ્ચે રંગભેદનો કડવો અનુભવ ન થયો હોત તો કદાચ સંસારને 'મહાત્મા ગાંધી' નામનું પાત્ર ન મળ્યું હોત. સોળમી સદીમાં ભારતના મરી પર ઈજારો ધરાવનારા ડચ સોદાગરો એ જો અંગ્રેજોને વેચાનાર મરી પર માત્ર પાંચ શિલિંગનો વધારો ન કર્યો હોત તો તેમનો ઈજારો તોડવા માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું સર્જન ન થાત. જો ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં રોબર્ટ ક્લાઈવ નામનો તુમાખી, મહત્વાકાંક્ષી તથા આક્રમક ગોરો ન હોત તો ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યનો અને ૧૯૦ વર્ષ લાંબી ગુલામીનો પાયો ન નંખાત.

તે જ રીતે જો ટંકારાના મૂલશંકરે શિવરાત્રિ નું વ્રત ન રાખ્યુ હોત તો કદાચ મૂર્તિપૂજાના મૂળીયા વધુ સુદૃઢ, સર્વવ્યાપી અને સ્થાયી બની ગયા હોત. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ ધર્મ અને સમાજના ક્ષેત્રમાં જે સર્વાંગિણ સુધારકાર્ય કર્યું તેમાં મૂર્તિપૂજાનો વિરોધ અને સત્ય વૈદિક ઉપાસના પદ્ધતિની સ્થાપના મુખ્ય છે. આજ બાબત તેમને ભારતના મહાપુરુષો અને ધર્માચાર્યોની વચ્ચે એક અલગ અદ્વિતીય આસન પર સ્થાપિત કરે છે. દેશના લગભગ બધાજ ધર્માચાર્યોએ કોઈને કોઈ સ્વરૂપે મૂર્તિપૂજા સાથે સંધિ કરી છે. મહાત્મા કબીર અને ગુરુ નાનકદેવે એકેશ્વરવાદનો પ્રચાર કર્યો હોવા છતાં તેમના અનુગામીઓએ અવતારવાદ અને મૂર્તિપૂજાનો સ્વીકાર કરીને તે તે પંથો ને પૌરાણિકતાની મલીનતાથી રંગી દિધા. પ્રાચીન વિશ્વગુરુ આર્યજાતિને ગૌરવહીન અને ગુલામ બનાવવામાં મૂર્તિપૂજાનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. મૂર્તિપૂજા અને તેની સાથે જોડાયેલા અનિષ્ટોએ વ્યક્તિને આધ્યાત્મિકની બદલે સંપૂર્ણ રીતે બાહ્ય જડ વસ્તુઓનો આશ્રિત બનાવ્યો. ઈશ્વરભક્તિ, વૈરાગ્ય, પરોપકાર, એકતા, શુદ્ધતા, ચિત્તની એકાગ્રતા, સાહસ વગેરેને સ્થાને બાહ્યઉપચાર, કર્મકાંડ, તીલક-માળા, દિનવિશેષમાં ખાદ્યવિશેષનું સેવન, વિચિત્ર અને ભિન્ન ભિન્ન ઉપાસના પદ્ધતિ, કાલ્પનિક અને અસંભવ અવતારો અને માન્યતાઓ, ભાગ્યભરોસે બેસી રહેવું, નિર્વીર્યતા, સ્વાર્થ, છળ-કપટ વગેરેના પ્રચારના મૂળમાં મૂર્તિપૂજા જ રહેલી છે. મૂર્તિપૂજાના પાપે આજે પણ ભારતીયો, આર્યો કે હિન્દુઓ એક નથી થઈ શકતા, છતાં મૂર્તિપૂજાને જડમૂળથી ઉખાડી ફેંકવી ખૂબ કઠીન છે કેમકે તેની સાથે અસંખ્ય લોકોનો સ્વાર્થ અને આજીવિકા જોડાયેલ છે.

સ્વામી દયાનંદને મૂર્તિપૂજાનું ખંડન છોડી દેવા અનેકવાર ડર કે પ્રલોભનો બતાવાયા હતા કિન્તુ કેમણે ક્યારેય મૂર્તિપૂજાનો વિરોધ કરવાનું છોડ્યું નહીં. કેમ કે તેઓ સમજતા હતા કે આર્યો અને આર્યાવર્તના પતનનું એક મોટું કારણ મૂર્તિપૂજા છે. મૂર્તિપૂજાના પ્રતિવાદમાં સ્વામીજી એટલા નિર્ભય, અને સાહસી હતા કે જે દેવમંદિરમાં જઈને વિશ્રામ કરતા તેમાં સ્થાપિત કાલ્પનિક દેવમૂર્તિનું ખંડન કરવા ઉદ્યત થઈ જતા. તેમના બધાજ શાસ્ત્રાર્થોમાં મોટેભાગે 'મૂર્તિપૂજા વેદ વિરુદ્ધ હોવાનું પ્રતિપાદન' એજ શાસ્ત્રાર્થનો મુખ્ય વિષય રહ્યો છે. મૂર્તિપૂજાની પોકળતા તેમણે માત્ર બાર વર્ષની ઉંમરે જાણી લીધી હતી. શિવરાત્રિની મધ્યરાત્રિએ નિરવ શાંતિમાં નાનકડા ગામના નાનકડા મંદિરમાં બનેલી એ ઘટના આપણે સૌ જાણીએ છીએ. શિવરાત્રિની એ શીતળ અને અંધારીરાત્રિ ભારતમાં નવજાગરણ અને ધાર્મિકક્રાંતિનું નવપ્રભાત લાવનારી બની રહી હતી અને સાચા અર્થમાં શિવ = કલ્યાણકારી રાત્રી બની ગઈ.

# મૂર્તિઓ કેવળ કાલ્પનિક મનઘડંત અને માનવનિર્મિત છે

**हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।**
**स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥**

શબ્દાર્થ :- (हिरण्यगर्भः) તે મહાન પ્રભુ હિરણ્યગર્ભ છે- તેના ગર્ભમાં બ્રહ્માંડના સમસ્ત સૂર્યાદિ લોકલોકાંતર સ્થિત છે. તે (अग्रे) સૃષ્ટિ સર્જન પૂર્વે જ (सम्+अवर्त्तत) વિદ્યમાન હતો તથા (भूतस्य जातः) ઉત્પન્ન થયેલ જગતનો (पतिः एक आसीत्) એકલો જ પતિ છે-સ્વામી છે. (सः) તે પ્રભુએ પૃથિવી (उत्) અને (इमाम्) આ (द्याम्) સૂર્યાદિ લોકોને (दाधार) ધારણ કરેલા છે. તે (कस्मै) સુખસ્વરુપ-સુખના ભંડાર (देवाय) આપનારા દાતા દેવની (हविषा) ગ્રહણ કરવાયોગ્ય આત્મીય પ્રેમની હવિથી (विधेम) ભક્તિ વિશેષ કર્યા કરીએ.

સમાજમાં શિક્ષિત, સુસંસ્કૃત તેમજ ગૂંચવાઈ ગયેલો વર્ગ તો મંત્રના આદેશાનુસાર તે પરમપિતા પરમાત્માની ભક્તિવિશેષ દ્વારા જ આરાધના કરે છે, પરંતુ સમાજનો મોટો વર્ગ તો હજુ પણ પૌરાણિક માન્યતાઓમાં જકડાઈ જઈ અન્યાન્ય દેવી-દેવતાઓની પૂજા અર્ચનામાં લાગ્યો રહ્યો છે. આ વર્ગનો તર્ક એ છે કે પરમાત્માને જોઈ તો શકાતો નથી તો પછી તેના અસ્તિત્વને કેવી રીતે સ્વીકારવો ? અન્યાન્ય દેવી-દેવતાઓને તો આપણે તેની મૂર્તિઓમાં પ્રતિબિંબિત કરી શકીએ છીએ. ઉત્તરરુપે કહીએ તો- દેવી દેવતાઓને કોઈએ પ્રત્યક્ષ જોયા નથી. મૂર્તિઓ કેવળ કાલ્પનિક મનઘડંત માનવનિર્મિત છે. તેમાં શ્રદ્ધા જગાવવી અને તેના આશીર્વાદથી મોક્ષની પ્રાપ્તિની અભિલાષા કરવી કેવળ દિવાસ્વપ્ન જ છે. ભ્રામિક માન્યતાઓમાં બંધાયેલો આ જનસમુદાય આ કાલ્પનિક દેવી-દેવતાઓની મૂર્તિઓની સામે નતમસ્તક થવા દૂર્ગમ માર્ગોથી લાંબી લાંબી કષ્ટદાયક યાત્રાઓ કરી તેના મંદિરો, મઠો, દેવાલયો, ગુફાઓ, દરગાહો આદિમાં ભટકતો રહે છે. તેઓની સામે પોતાના મનની મુરાદો માંગે છે. મુરાદો-મહેચ્છાઓ પૂરી થવા માટે અર્ચના કરે છે, પરંતુ શું તેઓની મુરાદો પૂરી થાય છે ? ના. તો તેઓને મળે છે શું ? ફક્ત ભ્રામિક આત્મ સંતુષ્ટિ. હા, જો કોઈની મુરાદ પૂરી થઈ જાય તો તે કેવળ સંયોગ જ સમજવો જોઈએ. હા, તેઓના આ તર્કમાં વજન અવશ્ય છે કે પ્રભુ સામાન્ય જનને ભૌતિક આંખોથી દેખાતો નથી, કારણ કે તે નિરાકાર છે. પરંતુ યોગીઓ સમાધિસ્થ અવસ્થામાં તેનો સાક્ષાત્કાર કરી જ લે છે.

એ પણ સાચું છે કે ગુણોને જોઈ ગુણીનો બોધ થઈ જ જાય છે. પ્રભુરચિત સૃષ્ટિને જોઈ તેના સર્જનહાર જગત ઉત્પાદક પરમપિતા પરમાત્માનો બોધ થઈ જ જાય છે.

ભૌતિક જગતમાં ગગનચુંબી પર્વતમાળાઓ, હિલોળા મારતો સાગર, ભિન્ન ભિન્ન પ્રકારના વૃક્ષો-છોડવાઓ, કલ-કલ વહેતી નદીઓ, ફળ-ફૂલો, કંદમૂળ, વિવિધ વનસ્પતિઓ, એક જ દાણાથી અસંખ્ય ઉત્પન્ન થતાં દાણાઓ, એક જ પ્રકારના છોડ ઉપર ખિલતા જુદી જુદી જાતના રંગબેરંગી ફૂલો વગેરેને બનાવનાર કોણ ? હા તે જ પરમપિતા પરમાત્મા. પ્રાણી જગતમાં તે અસંખ્ય યોનિઓ કે જેના અલગ અલગ પ્રકારના શરીરો અને તેની શારીરિક ક્ષમતાનો શિલ્પકાર કોણ ? નર-માદાનો ભેદ સર્જનાર કોણ ? વિશ્વના કરોડો-અરબોનો ચહેરા એકબીજાથી બિલકુલ મળતા આવતા નથી, તેઓના અંગૂઠા-આંગળીઓના નિશાન પણ એકસરખા હોતા નથી, આ વ્યવસ્થા સ્થાપિત કરનાર કોણ ? ચિંતન કરો- આપણા શરીરના વિભિન્ન તંત્રોની વિલક્ષણ કાર્યક્ષમતા કોણે નિર્ધારિત કરી છે ? આપણી અનૈચ્છિક શરીરવૃત્તિક ક્રિયાઓ જેમકે શ્વસન, રક્ત સંચરણ,પાચન, ઉત્સર્જન, પ્રજનન, સંવેદન, અંતઃશ્રાવી ગ્રંથિઓ આદિની સ્વતઃ થતી ક્રિયાઓ કે જે આપણી ઐચ્છિક નિયંત્રણથી પરે છે તેનાં નિર્માણકર્તા-અધ્યક્ષ કોણ ? ઉત્તર સ્પષ્ટ છે કે આ બધું તે પરમપિતા પરમાત્મા દ્વારા જ નિર્મિત થયેલ છે. તેની જ

## ..વેદવાણી

**ડો. સત્યદેવ આર્ય**

કલાકૃતિઓ, ગુણોને જોઈ ગુણી જીવાત્મા પ્રભુના અસ્તિત્વનો બોધ સુગમતાથી કરી શકે છે.

પ્રભુ સર્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિક છે. તેની બધી કૃતિઓ વિજ્ઞાનના આધાર પર જ અવસ્થિત છે. માનવ તો જે નિયમોથી અનજાણ હતો તેને શોધી જાણી શકે છે અને જાણી રહ્યો છે. આજદિન પર્યન્ત જેટલી શોધ તે કરી ચૂકયો છે તેનાથી આશ્ચર્યચક્તિ થઈ કૃતકૃત્ય થઈ ગયો છે અને તેના અસ્તિત્વથી આશ્વસ્ત થઈ રહ્યો છે. જ્વલનશીલ હાઈડ્રોજન અને બાળનાર ઓક્સીજનના પરમાણુ ૨ : ૧ ના પરિમાણમાં મળી શીતળ જળ બની જાય છે આ તથ્યની શોધમાં આધુનિક વૈજ્ઞાનિક પ્રભુની વૈજ્ઞાનિક વિલક્ષણતા સામે ઝૂકી જાય છે.

પ્રભુ સ્વરુપમાં મહાન છે, અર્થાત્ તે હિરણ્યગર્ભ છે. સૂર્યાદિ સમસ્ત બ્રહ્માંડીય પિંડો અને પદાર્થોને પોતાના ગર્ભમાં ધારણ કરેલ છે. બ્રહ્માંડ કેટલું વિશાળ છે તેનું અનુમાન આપણે એ જ તથ્યથી લગાવી શકીએ કે જેમાં એક ખરબ આકાશગંગાઓ છે અને તે પ્રત્યેક અકાશગંગામાં એક ખરબ સૂર્યો તથા તેના સૌર મંડળો છે. આ પ્રત્યેક સૂર્ય એટલા બધા વિશાળ છે કે જે આપણા સૂર્ય અને તેના સૌર મંડળ તો સમુદ્રમાં પડેલ નાના દડા સમાન છે. નાના દડા સમાન હોવા છતાં તેનો આકાર એટલો બધો મોટો છે કે તેનાથી દૂરસ્થ ગ્રહ 'યમ' સૂર્યથી ૩ ખરબ, ૬૭ કરોડ, ૯૦ લાખ માઈલની દૂરી પર છે અને તેને સૂર્યને એક ચકકર લગાવતા પૂરા ૨૪૮ વર્ષ લાગે છે. આટલું વિશાળ સૌરમંડળ પણ એક નાના દડા સમાન છે તો અન્ય આનાથી પણ ઘણા મોટા સૌર મંડળો મળીને કેટલું વિશાળ બ્રહ્માંડ રચાતું હશે

**સમાજનો મોટો વર્ગ તો હજુ પણ પૌરાણિક માન્યતાઓમાં જકડાઈ જઈ અન્યાન્ય દેવી-દેવતાઓની પૂજા અર્ચનામાં લાગ્યો રહ્યો છે, આ વર્ગનો તર્ક છે કે પરમાત્માને જોઈ તો શકાતો નથી તો પછી તેના અસ્તિત્વને કેવી રીતે સ્વીકારવો ?**

તે તો કેવળ કલ્પનાનો જ વિષય છે. આટલા વિશાળ બ્રહ્માંડને ધારણ કરનાર પ્રભુનું સ્વરુપ કેટલું વિશાળ છે તેનું અનુમાન શું લગાવી શકાય ?

પ્રભુ જગત ઉત્પાદક છે આથી તે જગતપિતા છે. પિતા પુત્રથી કાળથી મોટો હોય છે, આથી પ્રભુ કાળથી પણ મોટો છે. પ્રભુ જગત્પતિ છે- સ્વામી છે. સ્વામી સેવકથી અધિકારમાં મોટો હોય છે આથી પ્રભુ આપણાથી અધિકારમાં પણ મોટો છે.

આથી મંત્ર આદેશ આપી રહ્યો છે કે આવા મહાન સર્વશ્રેષ્ઠ પ્રભુની આપણે ગ્રહણીય સામગ્રી-હવિથી ભક્તિવિશેષ કર્યા કરીએ. પ્રભુની ગ્રહણ કરવાયોગ્ય સામગ્રી તો કેવળ આપણી સ્વતઃ ઉપાર્જિત કરેલ વસ્તુ જ હોઈ શકે, નહીં કે પ્રભુઉત્પાદિત ફળ-ફૂલ, કંદ-મૂળ, ઔષધિ, મેવા, કેસર આદિની. તેની ઉત્પાદિત વસ્તુ તેને જ ભેટ કરવામાં તો સરાસર અપમાન જ કહેવાય ને! તો એવી કઈ વસ્તુ છે જે તેમને ભેટ ધરીએ ? તે છે આપણા મન, વચન અને કર્મની પવિત્રતા તથા આત્મીયપ્રેમ.

આવો આ જ હવિની ભેટ સાથે આપણે પ્રભુને સમર્પિત થઈએ અને તેમનું સાનિધ્ય પ્રાપ્ત કરી આપણું કલ્યાણ કરીએ.

## મહર્ષિ દયાનંદના જન્મગામ અંગે ભ્રાન્તિ નિવારણ

ગત દિવસોમાં કોઈએ ગેર સમજથી અને પૂરતી જાણકારી મેળવ્યા વિના મહર્ષિ દયાનંદ (મૂળશંકર)નું જન્મ ગામ 'જીવાપર' છે, એવા અહેવાલો પ્રસિદ્ધ કરાવ્યા છે. જે સત્યથી વેગળા અને ગેરમાર્ગે દોરનારા છે.

મહર્ષિ દયાનંદના જન્મગામ અંગેનું શોધકાર્ય મહર્ષિના દેહાવસાન બાદ શરૂ થઈ ગયું હતું. જેમાં પં. લેખરામ અને બાબુ દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય મુખ્ય હતાં. દેવેન્દ્રનાથજીએ ટંકારા અને આસપાસનાં ગામોમાં અનેક વખત ભ્રમણ કરીને અનેક બિન્દુઓ ઉપર વિચાર કરી પ્રચૂર માત્રામાં માહિતી એકઠી કરી હતી, અને જન્મગામ ટંકારા હોવાનું પ્રમાણિત કર્યું હતું. ત્યારબાદ સન્ ૧૯૨૬માં ટંકારા ખાતે દયાનંદ જન્મ શતાબ્દીનો પાંચ દિવસીય ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આર્યજગત્‌ના પ્રસિદ્ધ સંન્યાસીઓ, સ્વામી શ્રદ્ધાનંદ, મહાત્મા નારાયણ સ્વામી, સ્વામી શંકરાનંદ તથા વિદ્વાનો અને નેતાઓ પં. મહારાણી શંકર શર્મા, રાજરત્ન મહાત્મા આત્મારામ અમૃતસરી, પં. અયોધ્યા પ્રસાદજી, મોરબીના મહારાજા લખધીરસિંહજી, વીરપુર ઠાકોર શ્રી હમીરસિંહજી વગેરે નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત હતા. તેમાં મહર્ષિજી (મૂળશંકર)ના બાળસખા ઈબ્રાહીમે ઉપસ્થિત થઈને પોતાના સંસ્મરણો વર્ણવ્યા હતા અને મૂળશંકરના જન્મગામ ટંકારાની પૃષ્ટિ કરી હતી.તેમજ મહર્ષિજીના બહેન પ્રમબાઈનાં ત્રીજી પેઢી સંતાન શ્રી પોપટલાલે ઉપસ્થિત મહાનુભાવો સમક્ષ મહર્ષિનું જન્મગામ ટંકારા હોવાનું અને મહર્ષિનું જન્મગૃહ પોતાના પાસે હોવાના તથા જે શિવમંદિર (કુબેરનાથ) માં મૂળશંકરે પૂજા કરી હતી તે મંદિરમાં પોતે વંશ પરંપરાગતથી પૂજા કરતા હોવાના પ્રમાણો રજૂ કર્યા હતાં. આ ઉપરાંત આર્યજગત્‌ના વિદ્વાનો પં. યુધિષ્ઠિર મીમાંસર, ડૉ. ભવાનીલાલ ભારતીય વગેરેએ ખૂબ પરિશ્રમ કરીને જન્મગામ ટંકારા હોવાનું પ્રમાણિત કર્યું છે.

વર્તમાનમાં શ્રી દયાલમુનિ આર્યએ ૫૦ વર્ષસુધી વિવિધ સ્થળોએ ભ્રમણ કરીને 'ઋષિ કી પ્રારંભિક જીવની' પુસ્તકની રચના કરેલ છે કે જેનું સંપાદન શ્રી ભાવેશ મેરજાએ અને પ્રકાશન ગુરુકુળ કાંગડીના કુલાધિપતિ ડૉ. રામપ્રકાશ દ્વારા પ્રકાશિત થયેલ છે, તેમાં શ્રી દયાલમુનિએ તાર્કિક રીતે સમક્ષા કરી પુરવા આપી જન્મગામ જીવનપર હોવાનો છેદ ઉડાડી દીધો છે. ઉલ્લેખનીય છે કે મહર્ષિ દયાનંદનું જન્મગૃહ ટંકારાના 'જીવાપર' વિસ્તારમાં છે, જીવાપર ગામ નહીં, કેટલાક લેખકોએ ભ્રમવશ જન્મગામ જીવાપર લખેલ છે તેનું આ પુસ્તકમાં ખૂબ જ સ્પષ્ટ નિરાકરણ કરી આપેલ છે. આર્યસમાજના મહાનુભાવોના સહયોગથી ટંકારામાં મહર્ષિનું ભવ્ય સ્મારક નિર્માણ થયેલ છે. ત્યારે જીવાપરના ગામવાસીઓ મહર્ષિ દયાનંદનું જન્મગામ જીવાપર માને છે તે માન્યતા સત્યથી વેગળી છે તેમ એક અખબારી યાદીમાં શ્રી હસમુખભાઈ પરમારે જણાવ્યું છે.

## આર્યસમાજ, જુનાગઢ દ્વારા બાળમેળામાં ઉદ્યોગ કાર્યનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું



જુનાગઢના મેંદરડા તાલુકાના ચિરોડા તથા ગુદાળા ગામે આયોજીત બાલમેળામાં પેપર કટિંગ, ડ્રોઈંગ, માટીના રમકડાંની બનાવટ, પંકચર રિપેરીંગ, કલર પેઈન્ટીંગ વગેરે વિવિધ ઉદ્યોગ કાર્યનું બાળકોને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ાસથે આર્યસમાજ, જુનાગઢના આર્યવીર દળના સંચાલક શ્રી દિપક આર્યએ વિદ્યાર્થીઓને પીરામીડ તથા યોગનું પ્રશિક્ષણ આપ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## પરોપકાર કર્યા વિના ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી



ઈશ્વર ભક્તિના બે માર્ગ છે એક માર્ગ ધ્યાન લગાવવું, જપ કરવો, સમાધિ લગાવવી. બીજો માર્ગ સમાજ-દેશની રક્ષા કરવી, વ્યવહારમાં ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું પ્રેમથી રહેવું. જો આપણે સમાજ રાષ્ટ્રની રક્ષા ન કરીએ યમ-નિયમનું પાલન ન કરીએ, ઈશ્વરની આજ્ઞાનું પાલન ન કરીએ તો ભક્તિ પૂરી નથી થતી.

આર્યસમાજનાં દસ નિયમ છે તે સમસ્ત મનુષ્ય જાતિને માર્ગ બતાવનાર છે. જે કોઈ આ નિયમોનું પાલન કરે તેનું જીવન સફળ થાય છે પહેલો નિયમ છે તેમાં કીધું છે કે સંસારમાં વિદ્યા અનંત છે, વિદ્યાની કોઈ સીમા નથી. તે અસીમ જ્ઞાન-વિજ્ઞાન ઈશ્વરમાં રહે છે. જે પદાર્થ વિદ્યાથી જાણી શકાય છે કીડીથી લઈ સૂર્ય, ચંદ્ર તે બધાને બનાવનાર ઈશ્વર છે. જે કાંઈ ભૌતિક વૈજ્ઞાનિક આવિષ્કાર કરે છે તે ઈશ્વરની સહાયતા વિના ન થઈ શકે. આદિસૃષ્ટિમાં ઈશ્વરે વેદજ્ઞાન આપ્યું અને પરંપરાથી પછી આ જ્ઞાન લોકોને મળ્યું જ્યારે વ્યક્તિ જાણી લે છે કે આદિમૂળ ઈશ્વર છે તો તે દાની બની જાય છે. કારણ બધું ઈશ્વરનું માને છે. પોતાનું નહીં બધું ઈશ્વરનું માને છે. મહાભારતમાં કથા આવે છે. મમ ઈતિ અક્ષર દ્વયં બન્ધન કારણમ્ - ન મમ ઈતિ અક્ષર ત્રયં મોક્ષ કારણમ્. આ ભૂમિ, સોના, ધન વગેરે મારું છે એ બંધનનું કારણ છે તો આપ બંધન ઈચ્છો છો કે મોક્ષ ? સમસ્ત દુઃખોથી છુટી નિત્ય આનંદ પ્રાપ્ત કરવો તે મોક્ષ. બધા લોકો સુખ ઈચ્છે છે દુઃખોથી છૂટવા માંગે છે પરંતુ ઈશ્વરની ભક્તિ કર્યા વિના, યોગાભ્યાસ વિના, પરોપકાર કર્યા વિના ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી અને ત્યાં સુધી બધા દુઃખોની નિવૃત્તિ થતી નથી. જે વ્યક્તિ એમ સમજે છે કે બધી ધનસંપત્તિ ઈશ્વરની છે અને હું પણ ઈશ્વરનો છું તેની સમાધિ લાગે છે. તે યોગી બની શકે છે. બધાનો સ્વામી ઈશ્વર છે. એવું માનીને ચાલશો તો ઈશ્વરપ્રાપ્તિ થશે. માં ને કહેવામાં આવે કે આ પુત્ર ઈશ્વરનો છે તો માતા દુઃખી થશે. આર્યસમાજનાં બીજા નિયમમાં ઈશ્વરનું વિશુદ્ધ સ્વરૂપ સમજાવ્યું છે આવું વિશુદ્ધ, ભ્રાંતિરહિત ઈશ્વરનું વર્ણન અન્ય ક્યાંય જોવા નહીં મળે કોઈ કહે છે ઈશ્વર ચોથા આસમાનમાં રહે છે, કોઈ કહે પરમધામમાં છે. પણ ઋષિઓએ સ્પષ્ટ વિશુદ્ધ સ્વરૂપ બીજા નિયમમાં વર્ણવ્યું છે ઈશ્વરની ભક્તિ લોકો કરે છે પણ ખબર નથી કે હું ભક્તિ કોની કરી રહ્યો છું. મંદિરોના બે-ચાર ચિત્રો બતાવીને કહેશે કે આ ઈશ્વર છે, પરંતુ વેદમાં, દર્શનોમાં ઈશ્વરનું સ્વરૂપ સત્, ચિત્ આનંદસ્વરૂપ, નિરાકાર વગેરે બતાવ્યું છે. જે પણ કાર્ય કરીએ તે વિચારીને કરવું જોઈએ. ભક્તિ કરીએ, ધ્યાન કરીએ તો પણ વિચારીને કરવું જોઈએ. ધ્યાનની સાથે સાથે દેશ-રાષ્ટ્રનું પણ હિત કરો.જો સાચું ધ્યાન શીખવવામાં ન આવે તો લોકો ખોટું ધ્યાન કરશે. માટે આપણે વિશુદ્ધ, વૈદિક રીતથી ઈશ્વર સુધી પહોંચાડી શકે તેવું ધ્યાન શીખવું જોઈએ અને બીજાને પણ શીખડાવવું જોઈએ. **(સ્વામી સત્યપતિજીના વ્યાખ્યાનોમાંથી)**

દયાનંદ ટાઈમ્સ પાક્ષિક

આપ આપના કાર્યક્રમોની પ્રેસનોટ તથા ફોટોગ્રાફ ઈ-મેઈલથી પણ મોકલાવી શકો છો.........

E-mail
dayanandtimes@gmail.com
agnipathgnr@gmail.com

શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

મનીઓર્ડર મોકલવાનું સરનામું
: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧.
મો. - ૯૪૨૮૪-૨૨૨૮૬

દયાનંદ ટાઈમ્સ (પાક્ષિક)

## યજ્ઞ, યોગ અને વૈદિક ધર્મના વિસ્તાર માટે સમર્પિત સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુરના આચાર્ય

# સ્વામી શાંતાનન્દ સરસ્વતીજીની છત્તીસગઢ, તેલંગાના મુંબઈ તથા દિલ્હીની પ્રચારયાત્રા સંપન્ન

**ભવાનીપુર**

સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુર, કચ્છના આચાર્ય સ્વામી શાંતાનન્દ સરસ્વતીજીએ પોતાની પ્રચારયાત્રાના આરંભમાં સર્વપ્રથમ છત્તીસગઢ પહોંચ્યા હતા. છત્તીસગઢ પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રધાન આચાર્ય અંશુદેવજી સાથે ભિલાઈ નગરના ડી.એ.વી. સ્કૂલમાં આયોજીત આર્ય મહાસંમેલનમાં ભાગ લીધો હતો. ભિલાઈ નગરમાં જ સ્વામીજી દ્વારા એક સામૂહિક યજ્ઞમાં ઘર પરિવારમાં સુખ-શાંતિના ઉપાય ઉપર એક પ્રવચન આપવામાં આવ્યું હતું.

આચાર્ય અંશુદેવજીની સાથે સ્વામીજી પોતાના પૈતૃક ગામ પુસૌર પહોંચ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે પુસૌરમાં છેલ્લા ૩૦ વર્ષથી સતત વેદ પારાયણ યજ્ઞ થઈ રહ્યો છે પરંતુ હજી સુધી ગામમાં એક પણ આર્યસમાજ મંદિર નથી. હવે સ્વામીજીની પ્રેરણાથી ત્યાંના બે સજ્જનોએ આર્યસમાજ મંદિર માટે જમીન દાનમાં આપી છે જે છત્તીસગઢ સભાને સોંપી દેવામાં આવી છે. આ પ્રસંગે ઉપસ્થિત સભા-પ્રધાન આચાર્ય અંશુદેવજીએ મંદિર નિર્માણ હેતુ દોઢ લાખ રૂપિયાની સહયોગ રાશી આપવાની ઘોષણા કરી હતી. આ ઉપરાંત ત્યાં ઉપસ્થિત બંને જમીન દાતાઓએ પણ પોતાના સહયોગની ઘોષણા કરી હતી.

છત્તીસગઢ થી ગુરુકુળ હરીપુર (ઉડીસા) પહોંચીને સ્વામીજીએ ત્યાંના વાર્ષિક ઉત્સવમાં સ્વામીજી દ્વારા યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું તથા આધ્યાત્મિક પ્રવચન આપ્યું હતું.

ઉડીસાથી બપોરે નીકળીને સ્વામીજી સાંજે રાયપુર પહોંચીને રાત્રે ૭ :૩૦ કલાકે હવાઈ માર્ગે હૈદરાબાદ પહોંચ્યા હતા. ત્યાંથી ૧૫૦ કિ.મી.ની યાત્રા કરી રાત્રે લગભગ ૨ કલાકે તેઓ આર્ષ ગુરુકુળ કામરેડ્ડી પહોંચ્યા હતા. બે કલાકના વિરામ બાદ સવારે ૪ : ૩૦ કલાકે સ્વામીજી આઠ દિવસીય યોગ શિબિરમાં ધ્યાન યોગની કક્ષા માટે ઉપસ્થિત થઈ ગયા હતા. આ શિબિરમાં સ્વામીજી દ્વારા સવારે તથા સાંજે બંને સમય યોગ ધ્યાનનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડથી પધારેલા સ્વામી ધ્રુવદેવજીએ પણ વિવિધ કક્ષાઓ લીધી હતી. સંપૂર્ણ શિબિરનું મુખ્ય સંચાલન સ્વામી બ્રહ્માનંદજીએ પોતના સહયોગીઓ સાથે સફળતાપૂર્વક કર્યું હતું.

કામારેડ્ડીથી સ્વામીજી મુંબઈ પહોંચ્યા હતાં. ત્યાં ગુરુકુળ ભવાનીપુરના ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાળીજી સાથે ગુરુકુળના વિકાસ, વૈદિક ધર્મના પ્રચાર, ગૌ રક્ષા જેવા અનેક વિષયો પર ચર્ચા કરાઈ. ત્યાંજ શ્રી મનોહર પાટિલ તથા શ્રી ખીમજીભાઈના પરિવારમાં સ્વામી ધ્રુવદેવજી સાથેસ્વામી શાંતાનન્દજીએ યજ્ઞ તથા પ્રવચનનો કાર્યક્રમ સંપન્ન કર્યો હતો. આ પ્રસંગે શ્રી મનોહર પાટીલ દ્વારા પોતાના પરિવારમાં દૈનિક યજ્ઞ કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. યજ્ઞ બાદ ત્યાંના સ્થાનિક પાર્ષદ સાથે સ્વામીજીની શુભેચ્છા મુલાકાત થઈ હતી ત્યાં તેમણે વૈદિક સાહિત્યનો સેટ ભેંટ આપ્યો હતો.

મુંબઈ થી કચ્છ પહોંચીને સ્વામીજીએ ભુજના શ્રી પ્રવીણભાઈના પરિવારમાં યજ્ઞ તથા પ્રવચનનો એક સંક્ષિપ્ત કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ સુખપર ગામે સંસ્કૃત પાઠશાળામાં સ્વામી શાંતાનન્દજી તથા બ્ર. અરૂણજીનું પ્રેરક પ્રવચન યોજવામાં આવ્યું હતું. ત્યાર બાદ સાંજે ભાનુશાળી કન્યા છાત્રાલય ભૂજ ખાતે સ્વામી શાન્તાનન્દજી, સ્વામી ધ્રુવદેવજી તથા બ્ર. અરૂણકુમારજી દ્વારા વિવિધ વિષયો પર કન્યા છાત્રાલયની છાત્રાઓને અત્યંત ઉપયોગી ઉપદેશ આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ સ્વામી ધ્રુવદેવજી સાથે ગુરુકુળ ભવાનીપુર પહોંચીને સ્વામી ધ્રુવદેવજી સાથે નાના-નાના બ્રહ્મચારીઓને પ્રેરક ઉપદેશ આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ ભવાનીપુરના એક સામાજીક કાર્યક્રમમાં મુંબઈથી પધારેલા અતિથિઓને સ્વામી શાંતાનન્દજીએ સરળ-સુબોધ પ્રવચન આપી બંને સ્વામીઓએ રોજડ પ્રસ્થાન કર્યું હતું.

વાનપ્રસ્થ સાધક આશ્રમ ખાતે ચાલી રહેલા વૈદિક આધ્યાત્મિક ન્યાસ દ્વારા આયોજીત ચોથા સ્નેહ સંમ્મેલનમાં સ્વામીજીએ ભાગ લીધો હતો અને અનેક દાર્શિનક વિદ્વાનો તથા સંન્યાસીના



આધ્યાત્મિક પ્રવચનનો લાભ લીધો હતો. કાર્યક્રમની સમાપ્તિના એક દિવસ પહેલાં સ્વામી ધ્રુવદેવજી તથા ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીજી સાથે હવાઈમાર્ગે દિલ્હી પહોંચ્યા હતા. જ્યાં ૧૪ ફેબ્રુઆરીના રોજ જવાહરલાલ નહેરૂ સ્ટેડિયમ ખાતે સ્વામી દયાનંદ સરસ્વતીના જન્મોત્સવ કે જે ડી.એ.વી. સ્કૂલ તથા હરિયાણા આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજીત આર્ય મહાસંમેલનમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સ્વામીજીની મુલાકાત દેશભરમાંથી પધારેલા સંન્યાસીઓ તથા વિદ્વાનો સાથે પરસ્પર મુલાકાત થઈ હતી. ત્યાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા આર્યસમાજની પ્રસંશાથી ભરપુર પ્રવચન કરવામાં આવ્યું હતું. સાથે સાથે હિમાચલના રાજ્યપાલ ડૉ. દ્વારા પણ પ્રવચન થયું હતું. અંતમાં શ્રી પૂનમ સુરી દ્વારા તમામ ઉપસ્થિત સન્યાસીઓ તથા વિદ્વાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

દિલ્હી ખાતે ઉડીસાથી પધારેલા મૂર્ધન્ય વિદ્વાન શ્રી પ્રિયવત દાસજીના વિશેષ આગ્રહ પર સ્વામી શાંતાનન્દજીએ યોગ-ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો. સ્વામીજીથી પ્રભાવિત જઈને તેમણે ભુવનેશ્વર ઉડીસામાં યોગ શિબિર લગાવવા સ્વામીજીને આમંત્રણ આપ્યું હતું તથા પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, મારા અંતિમ સમયમાં સ્વામીજી મને આ જ પ્રકારે ધ્યાન કરાવતા રહે.

દિલ્હીથી પરત ફરતી વખતે એરપોર્ટ પર ચંદિગઢના એક સજ્જનને ધ્યાન શીખવાડ્યું તથા નેપાળના એક ઈન્સપેક્ટર જનરલને યોગાભ્યાસ કરાવ્યો હતો. તથા સંક્ષેપમાં શાંતિપૂર્વક ધ્યાન કરાવી દીધું હતું.

આમ સ્વામીજીની યોગ યજ્ઞ અને વૈદિક ધર્મના દિવાના સ્વામી શાંતાનંદજીની વિસ્તૃત પ્રચારયાત્રા સંપન્ન થઈ.


॥ ओ३म् ॥

## वानप्रस्थ साधक आश्रम
## Vaanprasth Sadhak Aashram

योगादेव तु कैवल्यम्

( साधना, स्वाध्याय, सेवा तथा वैदिक विद्वान, वानप्रस्थियों एवं संन्यासियों के निर्माण हेतु भव्य परियोजना

ट्रस्ट रजिस्ट्रेशन क्रमांक ई-२५३२/सा.कां.

आर्य वन, रोजड़, पत्रा. : सागपुर, जिला. साबरकांठा-३८३३०७, गुजरात, भारत

Aaryavan, Rojad, Po. : Sagapur, Dist. : Sabarkantha-383 307, Gujarat, India

दिनांक : १६/०२/२०१६

समादरणीय श्रीयुत,

सादर नमस्ते।

ईश्वर कृपयाऽत्र कुशलं तत्रापि भवतु।

ईश्वरीय प्रेरणा, ऋषियों के निर्देश, विद्वानों के शुभाशीर्वाद तथा धार्मिक याज्ञिक भावना वाले महाशयों के पवित्र सहयोग से हम विश्व में प्रथमबार (वर्तमान काल में) अद्वितीय अभूतपूर्व, आकर्षक, दर्शनीय अत्यन्त प्रभावशाली लाभकारी उत्तम एवं पुण्यदायी योजना को चैत्र शु. १२, २०७२ (रविवार, २० मार्च, २०१६) प्रारम्भ करने जा रहे हैं। इस योजना के अन्तर्गत अग्निहोत्र प्रशिक्षण केन्द्र में वैज्ञानिक रीति से बने विशाल, बहुतलीय (Multi Story) यज्ञकुण्ड में अखण्ड (सूर्योदय से सूर्यास्त तक) अग्निहोत्र का प्रारम्भ हो रहा है।

१२ घण्टे निरन्तर प्रतिदिन चलने वाले इस अग्निहोत्र के सम्पादन के लिए हमें प्रतिदिन ८-१० योग्य कार्यकर्त्ताओं की अपेक्षा है, जो मन्त्रोच्चारण, घी की आहुतियाँ, समिधा का चयन, सामग्री प्रदान एवं निर्माण आदि कार्यों में अपनी सेवाएँ प्रदान कर सकें।

इच्छुक सहयोगी कार्यकर्त्ता जो वर्ष में एक/दो सप्ताह या मास में एक/दो दिन के लिए आश्रम में आकर अपनी सेवाएँ देना चाहें वे अपनी अनुकूल तिथियों को लिखकर भेजें और स्वीकृति पत्र प्राप्त कर लेवें। यदि उन तिथियों में पूर्व से ही किसी ने स्वीकृति ले ली होगी तो आपको अन्य दिनों में आना होगा। कार्यकर्त्ता सहयोगियों की भोजन, आवास आदि की सभी सुविधाएँ आश्रम से उपलब्ध कराई जाएँगी।

आनेवाले सेवाभावी सज्जन पारिवारिक दायित्वों से अवकाश लेकर सेवा कार्य करते हुए शान्त, सात्विक, प्राकृतिक, रमणीय एवं एकान्त स्थल में ध्यान, जप, स्वाध्याय एवं आत्मिक उत्कर्ष हेतु उत्तम अवसर प्राप्त कर सकेंगे जो एक नई प्रेरक अनुभूति होगी।

व्यवस्थापक
अग्निहोत्र प्रशिक्षण केन्द्र
वानप्रस्थ साधक आश्रम
रोजड़, साबरकांठा, गुजरात

TEL : +91(02770) 287417, 291555 EMAIL : vaanaprastharojad@gmail.com WEBSITE : www.vaanaprastharojad.org



॥ ओ३म् ॥

## आर्यवन विकास फार्म ट्रस्ट

Trust. Reg. No. : E/965 Sabarkantha Estd : 01-09-1981

रोजड, पो. सागपुर, ता. तलोद.,जि. साबरकांठा. पिनः३८३३०७ गुजरात, भारत. दूरध्वनी : ०२७७०-२८७६१८

ARYAVAN VIKAS FARM TRUST

Rojad. Po. Sagpur, Dist. Sabarkhantha-383307. Gujarat. INDIA. E-mail : aryavanrojad@gmail.com

## ❁ ३०वा वार्षिकोत्सव एवं आर्यवन आर्ष कन्या गुरुकुल का उद्घाटन समारोह ❁

समादरणीय श्रीमान/श्रीमति, ________

परमपिता परमात्मा की असीम अनुकंपा से "आर्यवन विकास फार्म ट्रस्ट" की स्थापना को ३५वर्ष पूर्ण हो रहे है। "आर्यवन" में ब्रह्मनिष्ठ स्वामी सत्यपति जी के सानिध्य मे स्थापित "दर्शन योग महाविद्यालय" का ३०वां वार्षिकोत्सव एवं "आर्यवन ट्रस्ट" द्वारा संचालित समस्त गुजरात प्रांत का गौरव "आर्यवन आर्ष कन्या गुरुकुल" का उद्घाटन समारोह आगामी चैत्र शुक्ल प्रतिप्रदा संवत २०७२ शुक्रवार दिनांक : ८-४-२०१६ को और समापन समारोह दिनांक : ९-४-२०१६ को होगा।

"आर्यवन" को विश्व प्रसिद्ध करने वाले पूज्यपाद स्वामी सत्यपति जी के आशीर्वाद एवं "दर्शन योग महाविद्यालय" के निदेशक स्वामी विवेकानंद जी तथा "वानप्रस्थ साधक आश्रम" के अध्यक्ष आचार्य ज्ञानेश्वर जी की ओजस्वी वाणी का उपस्थित जनसमूह को लाभ मिलेगा।

"आर्यवन आर्ष कन्या गुरुकुल" की निष्ठावती आचार्या डॉ.शीतल जी के मान्यवर गुरुगण अलियाबाद (आ.प्र.)आर्ष शोध संस्थान से आचार्य आनंद प्रकाश जी, आचार्या नीरजा जी तथा अजमेर से आचार्य सत्यजित् जी भी इस शुभ अवसर पर पधार रहे हैं।

इस कार्यक्रम में सार्वदेशिक आर्य प्रतिनिधिसभा दिल्ली के माननीय अध्यक्ष श्री सुरेशचंद्र अग्रवाल जी (अहमदाबाद) भी विशेष अतिथि के रूप में उपस्थित रहेंगे।

गुजरात राज्य के सन्माननीया बाल एवं महिला विकास मंत्री श्रीमती वसुबहन त्रिवेदी उद्घाटन की इस पावन वेला में उपस्थित रहेंगी। गुजरात राज्य के सन्माननीया मुख्यमंत्री श्रीमती आनंदीबहन और जगप्रसिद्ध स्वामी रामदेव जी को भी इस अवसर पर विशेष आमंत्रित किया गया है। पाटीदार समाज का गौरव श्रीमती भूमिका पटेल (डेप्युटी डायरेक्टर ओफ ईन्कमटेक्स), युवाओं के मार्गदर्शक कर्मठ ब्र.अरुण आर्यवीर, वैदिक प्रवक्ता श्री चंद्रेश जी (गांधीधाम-कच्छ) , भजनोपदेशक पं. नरेशदत्त जी तथा ११ कुंडी यज्ञ के ब्रह्मा गुजरात युनि.के संस्कृत विभागाध्यक्ष डॉ. कमलेशकुमार शास्त्री और स्वामी शांतानंद जी(भवानीपुर-कच्छ) एवं अन्य गणमान्य विद्वान तथा संन्यासीगण भी अपनी गौरवमयी उपस्थिति से इस कार्यक्रम की शोभा बढायेंगे।

आप सभी को सूचित करते हुए हर्ष हो रहा है की इस गुरुकुल में वैदिक विदुषियों के लिए प्रधाना चार्या डॉ. शीतल जी के निर्देशन में मुख्यरूपसे पाणिनीय अष्टाध्यायी के क्रम से महाभाष्य पर्यन्त सम्पूर्ण संस्कृत व्याकरण, निरुक्त, छंदशास्त्र तथा सांख्य- योग- वैशेषिक- न्याय - मीमांसा - वेदान्त इन छह आर्ष दर्शनों के साथ साथ वेद, उपनिषद्, महर्षि दयानंद के ग्रंथ तथा अन्य वैदिक साहित्यों का स्वाध्याय और योग दर्शन में वर्णित क्रियात्मक योग प्रशिक्षण भी सिखाया जायेगा। "आर्यवन ट्रस्ट" के द्वारा गुरुकुल में छात्राओं को आवश्यक सब सुविधा व सुरक्षा निःशुल्क उपलब्ध होगी।

आप सभी महानुभावों से प्रार्थना है कि इस अनमोल अवसर में परिवार के साथ पधारकर आयोजकों को प्रोत्साहित कर विद्वानों के उपदेश का लाभ उठायें।

:: निवेदक ::

प्रमुख : मनसुख वेलाणी        मंत्री :जशवंत पोकार

आर्यवन विकास फार्म ट्रस्ट के सभी ट्रस्टी गण एवं सलाहकार सभ्यश्रीओ

संयोजकश्री : विनोद वेलाणी एवं परेश प्रेमजीयाणी

आर्यवन आर्ष कन्या गुरुकुल

विनंती :अतिथि महानुभावोको आर्यवन में ठहरने की अपेक्षा है वे कृपया अपनी आनेकी सूचना निम्नलिखित दूरभाष पर दिनांक : ५-४-२०१६ तक दे देवे, जिससे आपके निवास की व्यवस्था सुचारु रूपसे हो सके।

संपर्क : विनोद वेलाणी - ०९८२०८०८६२६,   जशवंत पोकार - ०९९७९००२०९७

E-mail : aryavanrojad@gmail.com


માલિક મુદ્રક પ્રકાશક અને તંત્રી હરીશ રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ, જી.આઈ.ડી.સી., સેક્ટર નં. ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર -૨૧, જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C., Sector No. 28, Gandhinagar PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.